**સુરતની લેબર કોર્ટ નં.૧ ના પ્રમુખ અધિકારી શ્રી જે. એલ. શ્રીમાળી સમક્ષ**

રેફરન્સ (ટી) કેસ નં.૯૫/૨૦૧૫
આંક–૬

તબીબી અધિક્ષકશ્રી,
નવી સીવીલ હોસ્પિટલ,
મજુરાગેટ, સુરત. પ્રથમ પક્ષકાર

**વિરૂધ્ધ**

શ્રી મનોજકુમાર કાંતીભાઈ સોલંકી
રહે : ઈ.એસ.આઈ.જ.હોસ્પિ. સ્ટાફ કવાટર્સ,
રૂમ નં.એ ૧/૬, મજુરાગેટ, સુરત. બીજા પક્ષકાર

વિષય :– આઈ. ડી. એકટની કલમ–૧૦ (૧) (સી) મુજબ ઔદ્યોગિક વિવાદ.

**હાજર રહયા:–**

પ્રથમ પક્ષકાર તરફે : વહીવટી અધિકારીશ્રી.
બીજા પક્ષકાર તરફે : કોઈ નથી.

## –: એવોર્ડ :–

**1.** મદદનીશ શ્રમ આયુકતશ્રી, સુરતના તા.૧૩/૦૭/૨૦૧૫ હુકમ નં. કેએચ/ એસએચએમસી / એજે / આઈડીઆર / ૧૩૫ / ૧૫ /૧૧૦૭૪ આધારે સદરહુ રેફરન્સ ન્યાય નિર્ણય અર્થે અત્રેની અદાલતને નીચેની અનુસુચીથી કરવામાં આવેલ છે.

– કામદાર શ્રી મનોજકુમાર કાંતીભાઈ સોલંકીને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કેમ?

**2.** આ કામે પક્ષકારોને અત્રેની કોર્ટથી આંક–૨ વાળી ધોરણસરની નોટીસ કરવામાં આવેલ છે. જે નોટીસની બંને પક્ષકારોને બજવણી થયેલાનું રેકર્ડ ઉપરથી જણાય આવે છે. બીજા પક્ષકારને અનેક તકો મળવા છતાં હાલનો રેફરન્સ કેસ દાખલ થયા બાદ તેઓએ આ કામે હાજર રહી તેમની માંગણીનું નિવેદન રજુ કરેલું નથી. જેથી પ્રથમ પક્ષકારની આંક–૪ ની અરજી અન્વયે બીજા પક્ષકારનો માંગણીનું

નિવેદન, પ્રથમ પક્ષકારનો લેખિત જવાબ તથા પક્ષકારોના પુરાવાઓ રજુ કરવાના સ્ટેજ બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**3.** બીજા પક્ષકાર તરફે કોઈ દલીલ કરવામાં આવેલ ન હોય પ્રથમ પક્ષકારની આંક-પ ની અરજી ઉપર હુકમ કરી બીજા પક્ષકારનો દલીલનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે તેમની મૌખિક દલીલ કરવા હાજર રહેલ ન હોય તેમની દલીલનો હક બંધ કરવામાં આવેલ છે.

**4.** ઉપરોકત વિગતે ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર રીતે છૂટા કરેલા છે?

૨. શું હુકમ?

**5.** ઉપરોકત મુદ્દાઓના કારણો તથા તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**– કારણો –**

**6. મુદ્દા નં.૧ :-**

આ કામના પક્ષકારો તરફે તેમની કોઈ મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી. સદર કામે રેકર્ડ ઉપર આવેલ વિગતો ધ્યાને લેતાં, બીજા પક્ષકારનો સદર રેફરન્સ કેસ અત્રેની અદાલતમાં મદદનીશ મજૂર કમિશ્નરશ્રીની કચેરીમાંથી થઈ આવેલો છે. આ કામે પક્ષકારોને અત્રેની કોર્ટથી આંક-૨ વાળી ધોરણસરની નોટીસ કરવામાં આવેલી છે. જે નોટીસની બંને પક્ષકારોને બજવણી થયેલાનું રેકર્ડ ઉપરથી જણાય આવે છે. હાલનો રેફરન્સ કેસ અત્રેની અદાલતમાં દાખલ થયા બાદ ત્રણ વર્ષ ઉપરાંતથી અત્રેની અદાલતમાં પેન્ડીંગ હોવા છતાં અને બીજા પક્ષકારને અનેક તકો મળવા છતાં તેઓએ આ કામે હાજર રહી તેમની માંગણીનું નિવેદન રજુ કરેલું નથી. બીજા પક્ષકારના માંગણી નિવેદનનો સ્ટેજ બંધ કરવાનો

હુકમ કરવામાં આવેલ છે. તેમજ, આ કામે પ્રથમ પક્ષકાર તરફે જવાબ રજુ થયેલો નથી.

આથી, આ કામના બીજા પક્ષકારે તેમનું માંગણીનું નિવેદન રજુ કરેલું નથી કે, મદદનીશ મજૂર કમિશ્નરશ્રીની કચેરીમાંથી આવેલા રેકર્ડમાં પણ બીજા પક્ષકાર ની ફરીયાદને સર્મથન મળે તેવા કોઈ પુરાવાઓ રજુ કરેલા ના હોય, બીજા પક્ષકારના રેફરન્સની વિગતો માનવાને કોઈ કારણ જણાય આવતું નથી.

આમ, રેકર્ડ જોતાં બીજા પક્ષકારે તેમનું કોઈ માંગણીનું નિવેદન રજુ કરેલું નથી કે, તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રીને કરેલી ફરીયાદના અનુસંધાને કોઈ પુરાવાઓ રજુ કરેલ ન હોય, રેફરન્સની વિગતને સમર્થન મળતું નથી. જેથી, બીજા પક્ષકાર તેમના રેફરન્સ કેસની વિગત પુરવાર કરવામાં અસફળ રહેલા હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપતા, મુદ્દા નં.૨ નો જવાબ ન્યાયના હિતમાં નીચે મુજબ આપવામાં આવે છે.

**-: હુકમ :-**

આથી, બીજા પક્ષકાર શ્રી મનોજકુમાર કાંતીભાઈ સોલંકીનો રેફરન્સ (ટી) કેસ નં.૯૫/૨૦૧૫ નામંજુર કરવામાં આવે છે.

રેફરન્સના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

Station :- Surat
Date :- 30-11-2018

(Jayeshkumar Laxmanbhai Shrimali)
GJ-00672, Presiding Officer,
Labour Court No.1, Surat.

**D.N.BHATNAGAR PA**